# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓને વિજ્ઞાન અને વિકાસનો સમન્વય ગણાવી.**
2) **સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી.આર.ગવઈએ ભારતના બંધારણને સમાનતા અને સમરસતાનું પ્રતિબિંબ ગણાવ્યું.**
3) **રાજ્યના વિવિધ જિલ્લામાં ગેરકાયદેસર રહેતા 400થી વધુ લોકોની અટકાયત કરાઈ.**
4) **રાજ્યમાં સૌ પ્રથમ સુરત શહેરમાં સોના-ચાંદીના સિક્કા માટેનું ATM શરૂ કરાયુ.**
5) **આગામી 24 કલાક બાદ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી.**

--------------------------------------------------------------------------------

સમાચારને અંતે

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT – GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાયન્સ સિટીની વિવિધ ગેલેરીઓને વિજ્ઞાન અને વિકાસનો સમન્વય ગણાવી. મન કી બાતની 121મી કડીમાં શ્રી મોદીએ કહ્યું, આ સાયન્સ ગેલેરી આધુનિક વિજ્ઞાનની ક્ષમતા દર્શાવે છે.

(બાઇટ: નરેન્દ્ર મોદી, SCIENCE CITY)

મન કી બાત કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ જણાવ્યું, છેલ્લા કેટલાંક વર્ષોમાં અમદાવાદ વૈશ્વિક ગરમી સામે લડાઈ લડનારાં મુખ્ય શહેરોમાંનું એક બન્યું છે. તેમણે ઉમેર્યું, અમદાવાદમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં 70 લાખથી વધુ વૃક્ષો લગાવાયાં છે. આ સાથે સાબરમતી નદી પર રિવરફ્રન્ટ બનવાથી અને કાંકરિયા તળાવ જેવાં કેટલાંક તળાવનાં પુન-ર્નિર્માણથી જળાશયોની સંખ્યા પણ વધી ગઈ છે.

# NARMADA NALSA

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ બી.આર.ગવઈએ ભારતના બંધારણને સમાનતા અને સમરસતાનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. ગુજરાત રાજ્ય કાનૂની

સેવા-સત્તામંડળ દ્વારા નર્મદાના એકતાનગર ખાતે યોજાયેલા મેગા લીગલ અવેરનેસ એન્ડ એમ્પાવરમેન્ટ કેમ્પમાં શ્રી ગવઈએ આમ જણાવ્યું હતું.

આ કેમ્પમાં કાનૂની અધિકારો અને સરકારી યોજનાઓ અંગે આદિવાસી નાગરિકોને જાગૃત્ત કરાયા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ન્યાયાધીશોના હસ્તે વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય, લાભોનું વિતરણ કરાયું હતું. આ અંગે લાભાર્થી હેતલબેન તડવીએ સરકારનો આભાર માન્યો હતો.

(બાઇટ: હેતલબેન તડવી, લાભાર્થી)

# POLICE ACTION

રાજ્યના વિવિધ જિલ્લામાં ગેરકાયદેસર રહેતા 400 થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. વલસાડ જિલ્લા પોલીસે 383 શંકાસ્પદ લોકોની પૂછપરછ હાથ ધરી છે. વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લા પોલીસે વિવિધ વિસ્તારોમાં કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં શંકાસ્પદ વ્યક્તિઓને રાઉન્ડઅપ કરાયા હતા.

## (બાઇટ: હર્ષ સંઘવી)

દરમિયાન, ભરૂચ પોલીસે ગેરકાયદેસર વસવાટ કરતા 29 બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી છે. પોલીસે 150 જેટલા અન્ય શંકાસ્પદ નાગરિકોને

પૂછપરછ કરી હતી. પોરબંદર જિલ્લામાં પણ વિદેશી નાગરિકોની શોધખોળ માટે સર્ચ ઓપરેશન શરૂ કરાયું છે. પોલીસે 7 ટીમો બનાવી શહેરના સુભાષનગર વિસ્તારમાં વેરીફીકેશનની કામગીરી શરૂ કરી છે.

# KUTCH BANGLADESHI

પૂર્વ કચ્છમાંથી પોલીસે છ બાંગ્લાદેશી મહિલાને પકડી પાડી છે. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, મેઘપર બોરીચીમાંથી ઝડપાયેલી મહિલાઓએ ગેરકાયદે રીતે ઘુસણખોરી કરી આધારકાર્ડ બનાવ્યા હોવાનો પણ ખુલાસો થયો છે. મહિલાઓને પરત બાંગ્લાદેશ મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

...................................

# TAPOVAN SANSKAR-MOU

રાજ્યની 12 જેટલી સંસ્થાઓ સાથે તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર શરૂ કરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કુલપતિ ડૉ. ટી.એસ. જોશીએ જણાવ્યું કે, "ગર્ભસંસ્કાર માત્ર પરંપરા નહીં, હવે તે વૈજ્ઞાનિક આધાર સાથે નવા યુગ માટેનું વિઝન છે.

તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર દ્વારા આપણે માતૃત્વને સશક્ત બનાવવાનું કાર્ય કરી રહ્યાં છીએ. આજે રાજ્યની 12 પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ થયા છે, તે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની દિશામાં એક મોટું પગલું છે." તેમ તેમણે જણાવ્યું હતું.

# PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લાના હાલોલ-પાવાગઢ રોડ પર અજાણ્યા વાહને યુવાનને ટક્કર મારતા યુવાનનું મોત થયું હતુ. પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, વિરાસત વન પાસે વાહનચાલકે બાઈક પાસે ઉભેલા યુવકને અડફેટે લઈ ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે પોલીસે વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# DELVADA AWARD

ગીર સોમનાથના ઉના તાલુકાના દેલવાડાને રાષ્ટ્રીય કક્ષાનો નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ- NQAS એવોર્ડ પ્રાપ્ત થયો છે. ગુણવત્તા, જ્ઞાન કૌશલ્ય ઇન્ફેકશન કંટ્રોલ અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થ્ય સુવિધાઓ દર્દીઓમાં જાગૃતિ લાવવાની કામગીરી તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓ પ્રદાન કરવા બદલ આ એવોર્ડ એનાયત કરાયો છે.

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણ (NQAS) પ્રોગ્રામ હેઠળ તજજ્ઞો દ્વારા આરોગ્ય કેન્દ્રની કામગીરીનું મૂલ્યાંકન કરાયુ હતુ. જેમાં ૯૦.૨૯% ટકા સ્કોર મળતા આ પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

# SURAT GOLD ATM

રાજ્યમાં સૌ પ્રથમ સુરત શહેરમાં ગોલ્ડ ATM મૂકવામાં આવ્યું છે. જેમાં 24 કલાક દરમિયાન કોઈ પણ સમયે સોના-ચાંદીના સિક્કાની ખરીદી કરી શકાશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિ લોપા દરબારનો અહેવાલ ..

**(વોઇસ કાસ્ટ: લોપા દરબાર)**

# WEATHER

આગામી 24 કલાક બાદ રાજ્યમાં મહત્તમ તાપમાન 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 24 કલાક દરમિયાન રાજ્યના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ ગરમીમાં વધારો થશે. આગામી સાત દિવસ દરમિયાન તાપમાનનો પારો 40 થી 44 ડિગ્રી સેલ્શિયસ સુધી રહી શકે છે, જ્યારે આગામી ચાર દિવસ દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

રાજ્યમાં ગઇકાલે રાજકોટમાં સૌથી વધુ 44 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સિવાય 10 શહેરોમાં તાપમાનનો પારો 40 ડિગ્રીથી વધુ રહ્યો હતો.

# CHHOTA UDEPUR SANMAN

પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર ખાતે રાજ્યના 2 હજાર 525 શિક્ષકોનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરડીંડોર પણ ઉપસ્થિત રહ્યા હતા. છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, આ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લાના 112 શિક્ષકોને સન્માનિત કરાયા હતા.

દરમિયાન સાબરકાંઠા જિલ્લાના 87 પર્યાવરણ પ્રેમી શિક્ષકોને પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫થી સન્માનવામાં આવ્યા હતા.

# SKATING BRONZE MEDAL

સુરતમાં રમાયેલી ખેલ મહાકુંભ ત્રીજી આવૃતિમાં સ્કેટિંગ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ અમદાવાદના વરુણ હિરલ શાહે ઓપન વય મર્યાદા શ્રેણીમાં બે કાંસ્ય ચંદ્રકો મેળવીને અમદાવાદ મહાનગર પાલિકાનું ગૌરવ વધાર્યું છે.

વરુણ હિરલ શાહ અમદાવાદથી શારદા મંદિર શાળામાં ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરે છે. આ અગાઉ પણ તેમણે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ચંદ્રકો મેળવ્યા છે.

# KUTCH-COCAINE

કચ્છ જિલ્લામાંથી 29 ગ્રામ માદક મદાર્થના જથ્થા સાથે પોલીસે બે લોકોને ઝડપી પાડ્યા છે. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, ગાંધીધામ બસ સ્ટેશન નજીક પંજાબના બે વ્યક્તિ પાસેથી માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી માદક પદાર્થના જથ્થા સાથે બંનેને ઝડપી લીધા હતા. બંને વિરુદ્ધ NDPS એકટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરાઇ છે.

# GANDHINAGAR-CHILDREN UNI

ગાંધીનગર મહાનગરપાલિકા અને ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, ગાંધીનગર શહેરમાં સૌપ્રથમ વખત 'ચિલ્ડ્રન્સ હેપ્પી સ્ટ્રીટ'નું આયોજન આજે છ-5 સર્કલથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સુધીના માર્ગ ઉપર કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકો સાથે ઉપસ્થિત રહ્યા હતા. બે થી 14 વર્ષના બાળકો અને તેમના માતા-પિતાને ભૂલાઈ ગયેલી વિવિધ પરંપરાગત ભારતીય રમતોનો આનંદ માણવાનો અવસર પ્રાપ્ત થયો હતો. સાથે-સાથે ડ્રોઈંગ, પેપર ક્રાફ્ટ, ડાન્સ સહિતની વિવિધ મનોરંજક પ્રવૃતિઓનો લ્હાવો પણ બાળકોની સાથે વાલીઓએ પણ માણ્યો હતો. વાલીઓનાં ચહેરા ઉપર પણ ફરીથી બાળપણ માણવાનો આનંદ જોવા મળ્યો હતો. તદુપરાંત બાળકો અને વાલીઓ માટે મધર ડેરી દ્વારા નિઃશુલ્ક દૂધની વહેંચણી કરવામાં આવી હતી.

# GIR SOMNATH - CHEKING

ગીર-સોમનાથ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં એલ.સી.બી. એસ.ઓ.જી/ ડી સ્ટાફ તથા લોકલ પોલીસ સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડ્રાઈવ દરમિયાન તમામ

શંકાસ્પદ જગ્યાઓ કે જ્યાં ગેરકાયદેસર બાંગ્લાદેશી નાગરીકો રહેતા હોય તેવી જગ્યાઓએ ચેકીંગ કરવામાં આવી હતી. તેમજ સોની બજારમાં સોનીકામ કરતા કારીગરો, મુસાફર ખાના, ફીસીંગ બોટ, કંપનીઓ તથા કારખાનાઓ ચેક કરવામાં આવ્યા, જેમાં કુલ-૧૬૨ ઇસમો પશ્ચિમ બંગાળના હોવાનુ જણાઈ આવતા તમામના ડોક્યુમેન્ટ ચેક કરવામાં આવ્યા હતા.